ગાંધીનગર સમાચાર

# અરવલ્લીના ૧ હજાર, સાબરકાંઠાના ૭ હજારને આયકર વિભાગની નોટીસ

## પાનકાર્ડ નંબર સાથે હાજર રહેવા જણાવાયું : બેનામી સોદા અને નાણાંકિય વ્યવહાર કરનાર કરચોરોમાં ફફડાટ ફેલાયો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના આયકર વિભાગે ૮ હજાર જેટલા કરચોરોને નોટીસ ફટકારતા કરચોરોમાં ખળભળાટ મચી ગયો હતો. બન્ને જિલ્લાના ભારત સરકાર નાણાંકીય મંત્રાલય આવકવેરા કચેરી દ્વારા લાખોની રોકડની હેરાફેરી ઉપરાંત બેંકના બચત ખાતામાંથી મોટી રકમ જમા-ઉપાડ કરી, ફીક્સ ડીપોઝીટ કરી, મિલ્કતો કે શેરમાં રોકાણ કરી મોટા પાયે નાણાંકીય વ્યવહાર કરી રહ્યા હોવાનું આયકર વિભાગના અધિકારીઓને ધ્યાને આવતા તમામ લોકોને નોટીસ ફટકારી ફરજીયાત પાનકાર્ડ લઈ આયકર વિભાગની કચેરીએ હાજર રહેવાનું ફરમાન કરતા બેનામી સોદા અને નાણાકીય વ્યવહાર કરનારાઓમાં ફફડાટ ફેલાયો હતો. રાજકારણીઓ, ફાયનાન્સરો, બીલ્ડરો અને જમીનની દલાલી કરતા દલાલોને પણ નોટીસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.




અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કેન્દ્ર સરકારના નાણાં વિભાગના આદેશ બાદ આયકર વિભાગે વાર્ષિક રીટર્નની માહિતી મેળવી તેના દ્વારા થતા બેનામી આવક જાહેર કરવા માટે મોડાસા, હિંમતનગર, ઈડર સહિતના અન્ય સ્થળે આયકર દાતાઓ તથા અન્ય લોકો માટે સેમિનાર ગોઠવીને ઈન્કમ ડીકલેરેશન સ્કીમ અંતર્ગત ૪૫ ટકા ટેક્સ અને પેનલ્ટી જમા કરાવી બેનામી આવક જાહેર કરવા તક અપાઈ છે તેમ છતાં યોગ્ય પ્રતિભાવ ન મળતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના આયકર વિભાગની કચેરીએ ૮ હજાર વધુ લોકોને નોટીસ ફટકારી તાકીદ કરાઈ છે કે બેનામી આવક જાહેર કરે. ત્યાર બાદ આયકર વિભાગ દ્વારા કરોડોના બેંકિંગ વ્યવહાર, ફીક્સ ડિપોઝીટ, કોમીડીટી સેર ટ્રાન્ઝેક્શન સહિત મિલ્કત કે જમીનમાં કરાયેલા રોકણની વધુ વિગતો એકત્ર કરાયા બાદ આગળની કાર્યવાહિ હાથ ધરશે. બંન્ને જિલ્લાની ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા ૮ હજારથી વધુ નોટીસો ફટકારાતા અન્ય કરદાતાઓ પણ પોતાની બેનામી મિલ્કતો જાહેર કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટના સંપર્કો કરવાનુ શરૂ કરી દીધુ હતુ. આયકર વિભાગની નોટીસના પગલે મોટા વેપારીઓ અને બીલ્ડરોમાં દોડધામ મચી ગઈ છે. બન્ને જિલ્લામાં કેટલાક બિલ્ડરો, ડૉક્ટરો, એન્જીનીયરો, મીલ માલીકો, ફેક્ટરીવાળાઓ, જમીન દલાલો, ફાયનાન્સરો, કેટરર્સ, રેડીમેડ શૉ-રૂમના માલિકો, મિષ્ઠાન ફરસાણનો મોટા વેપારીઓ તેમજ બેનામી સોદા અને નાણાંકીય વ્યવહાર કરનાર લોકો પર આયકર વિભાગ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. કરોડો રૂપિયાની સંપત્તિ અને લકઝુરીયસ કારો તેમજ વૈભવી બંગલાઓ હોવા છતા કરચોરો આયકર વિભાગની આંખમાં ધુળ નાંખવા સીએની મદદથી માત્ર દસમા ભાગની મિલકત ડિકલેર કરીને આયકર વિભાગની આંખમાં ધુળ નાખી રહ્યા છે. જેથી આગામી દિવસોમાં તેમના બાતમીદારોની મદદથી તમામ કરચોરોની કે બેનામી સોદા કરનારા લોકોની કરોડો રૂપિયાની લેવડ-દેવડ તેમજ મિલકતોની માહિતી એકત્ર કરી ઉંડાણમાં તપાસ હાથ ધરીને આગળની કાર્યવાહિ કરશે.



# અરવલ્લી જિલ્લો વરસાદથી પુલકીત

## મોડાસા અને મેઘરજમાં સાંબેલાધાર વરસાદ : મોડાસામાં બે કલાકમાં ૨.૫ અને મેઘરજમાં ૩.૫ ઈંચ વરસાદ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં અષાઢ મહિનો કોરોધાકોર રહ્યા પછી છેલ્લા દિવસોમાં મેઘમહેર થતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ છે. સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ મહેર કરી હોય તેમ શુક્રવારે સવારના સમયે વરસાદી ઝાપટુ પડ્યા બાદ સાંજના સુમારે કાળા ડિબાંગ વાદળો ઘેરાતા અસહ્ય બફારા પછી રાત્રીના સમયે ધોધમાર વરસાદ ખાબકતા મોડાસા અને મેઘરજ તાલુકામાં જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ હતી. મોડાસા શહેરના ચાર રસ્તા અને નિચાણવાળા વિસ્તારોમાં ઢીચણસમા પાણી ભરાયા હતા. શુક્રવારે રાત્રીના સમયે જિલ્લામાં પડેલા સાંબેલાધાર વરસાદથી વાતાવરણમાં શીતલહેર પ્રસરી હતી. શનિવારે છાંટા પડ્યા પછી મેઘરાજાએ વિરામ લીધો હતો.





અરવલ્લી જિલ્લામાં શુક્રવારે સવારે વરસાદી ઝાપટા પછી મોડાસા મેઘરજ સહિત અન્ય વિસ્તારોમાં સાંજના ૬ વાગ્યાના સુમારે કાળા ડિબાંગ વાદળોથી આકાશ ઘટાટોપ બની જતા જિલ્લાના પ્રજાજનો જોરદાર વરસાદની આતુરતા બંધાયા પછી કલાકની આસપાસ મેઘરાજાની વાજતે ગાજતે સવારી આવી પહોંચી હતી અને મેઘરાજાએ બે કલાક સુધી મનમુકીને વરસવાનુ શરૂ કરતા જિલ્લામાં પાણી પાણી થઈ ગયું હતું. જિલ્લામાં બદલાયેલા હવામાન પછી જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં હળવાથી અતિભારે વરસાદ ઝાપટા પડતા લોકોએ છેલ્લા ચારેક દિવસથી અનુભવેલા ભારે ઉકળાટ અને બફારાથી આંશિક રાહત મેળવી હતી. જિલ્લામાં વરસાદ ખેંચાતા લોકો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. હવામાન ખાતાની છેલ્લી બે આગાહીઓ પણ ખોટી સાબિત થઈ હતી. જો કે આકાશમાં વરસાદી વાતાવરણના કારણે ગમે ત્યારે વરસાદ તુટી પડે તેવી સ્થિતિ હતી. આકાશમાં વાદળો ઘેરાતા હતા પરંતુ માત્ર ઝરમર વરસાદથી જ લોકોને સંતોષ માનવો પડતો હતો. પરંતુ શુક્રવારે સાંજના સમયે આકાશે કાળા ડિબાંગ વાદળો ઘેરાતા જિલ્લાના વાતાવરણમાં અંધારૂ ફેલાયુ હોય તેવો સાંજના સમયે અહેસાસ થયા બાદ રાત્રીના ૭ વાગ્યાના સુમારે કડાકા ભડાકા સાથે બે કલાક ધોધમાર વરસાદ ખાબકતા મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ તાલુકામાં નિચાણવાળા વિસ્તારો અને ખેતરોમાં પાણી ભરાયા હતા. મોડાસા તાલુકામાં શુક્રવારે રાત્રીના સમયે બે કલાકમાં ૨.૫ ઈંચ, મેઘરજ તાલુકામાં ૩.૫ ઈંચ તેમજ બાયડમાં ૨.૭ ઈંચ, માલપુરમાં ૧.૫ ઈંચ તેમજ ભીલોડામાં ૨ એમ.એમ. અને ધનસુરા પંથકમાં ૩ એમ.એમ.વરસાદ નોંધાયો હતો. મોડાસા તાલુકાના ખેડૂતોમાં આનંદ છવાયો હતો. મોડાસા શહેરમાં રાત્રીના ૭થી ૯ વાગ્યા સુધીના સમયમાં ૨.૫ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારો, ચાર રસ્તા સહિત અન્ય રહેણાંક સોસાયટીમાં ઢીંચણ સમા પાણી ભરાતા પ્રજાજનો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં થેલેસેમિયા ટેસ્ટ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૩૦

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ દ્વારા કોલેજમાં પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદનો સહયોગ સાંપડ્યો હતો.

થેલેસેમિયા વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતતા વધે તે માટે પરીક્ષણ પહેલા આ રોગ વિશેની વિસ્તૃત માહિતી વ્યાખ્યાન અને વિડીયો ફિલ્મ દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિ. એન.ડી. પટેલના માર્ગદર્શનમાં એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મંજુલાબેન ખેર અને પ્રા. ડૉ. હેમંત સુથાર તેમજ એન.સી.સી. વિભાગના ઓફિસર પ્રા. ડૉ. મહેન્દ્રભાઈ પરમાર અને પ્રા. ડૉ. દિલીપ સોંદરવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મુનાઈ ગામમાં સ્વ.રામજીભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં સ્વ.રામજીભાઈ નાથુભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો. આંજણા-ચૌધરી સમાજના અગ્રણી આગેવાન, પુર્વ સદસ્ય સાબરકાંઠા જીલ્લા પંચાયત, પુર્વ સરપંચ મુનાઈ ગ્રૃપ ગ્રામ પંચાયત, શ્રીમદ્ જેસીંગબાપા, શ્રીમદ્ રામજીબાપા, શ્રીમદ્ નાથુબાપા સંતવાણી સત્સંગ મેળાવડામાં તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ભાવિક ભક્તો, મુમુક્ષુઓને સંતવાણી ધ્વારા રસપાન કરાવતા હતા. સ્વ.રામજીભાઈ પટેલ પરમધામ જવાથી તા.૨૮/૭/૨૦૧૬ ને ગુરૂવારના રોજ મુનાઈ ગામમાં શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો. ધોલવાણી ગામના સંત શિરોમણી રામજીબાપા, કાંકણોલ ગામના પરમ પુજ્ય નરસિંહ દાદા, આંજણા-ચૌધરી સમાજના પ્રમુખ હરીભાઈ ચૌધરી, અંબાલાલ ઉપાધ્યાય, પ્રેમુભાઈ ઠાકર, પ્રફુલ્લભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, ભાવિક ભક્તો, મુમુક્ષુઓ અને મુનાઈ ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસા હોટલ ગેસ્ટ હાઉસ એસોસીએશન પ્રમુખપદે દીલીપભાઈ પટેલની વરણી

મોડાસા, તા. ૩૦

મોડાસા હોટલ ગેસ્ટ હાઉસની જનરલ મીટીંગ નવરંગ ગેસ્ટ હાઉસ



ખાતે યોજાઈ. આ મીટીંગમાં નવા વર્ષના પ્રમુખપદે ફરી એકવાર દીલીપ પટેલ (શુભલક્ષ્મી ગેસ્ટહાઉસ)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મંત્રી તરીકે પ્રકાશ ભાવસાર (અપના જ્યુસ) સહમંત્રી પદે હિમાંશુ ભાવસાર (વસંત રેસ્ટોરંટ) ખજાનચી તરીકે ભાવેશ શેઠ (ભાવનગરી સ્વીટ માર્ટ) સલાહકાર તરીકે પૂર્વ પ્રમુખ વિનોદ ભાવસાર) હોટલ પૂર્ણિમાવાળા)ની વરણી કરવામાં આવેલ.

ગુ. રાજ્ય હોટલ ફેડરેશનના સેક્રેટરી તરીકે દીલીપ પટેલની થયેલી નિયુક્તિને સૌ સભ્યોએ તાળીઓનો ગડગડાટથી વધાવી લીધેલ.

આ મીટીંગમાં હોટલ રેસ્ટોરંટ તથા ગેસ્ટહાઉસના નાના પ્રાણ પ્રશ્નોની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

મીટીંગને અંતે પ્રમુખ દીલીપ પટેલે સૌ સભ્યોનો આભાર માનેલ હતો.

## ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઉદિશા ક્લબ પ્લેસમેન્ટ સેલ ધ્વારા વિદ્યાર્થીઓની મીટીંગ યોજાઈ

ભિલોડા,તા.૩૦

ગુજરાત આદિવાસી વિકાસ પરીષદ,દાહોદ સંચાલિત ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઉદિશા ક્લબ પ્લેસમેન્ટ સેલ ધ્વારા કોલેજના વિદ્યાર્થીઓની મીટીંગ યોજાઈ હતી.

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા બી.એ. સેમ.૩ અને સેમ.૫ ના વિદ્યાર્થીઓનો ઉદિશા કોલેજના કો. ઓ. પ્રો.અતુલ શાહ ધ્વારા ઉદિશા ક્લબ પ્લેસમેન્ટ સેલ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓનું ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરાઈ છે.



બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર પ્રો. એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

# પાલનપુરમાં ઉના દમનના વિરોધમાં કોંગ્રેસના ધરણા યોજાયા

પાલનપુર, તા. ૩૦

ગુજરાતના ચકચારી ઉના દમનના વિરોધમાં આજે પાલનપુર ખાતે કોંગ્રેસ દ્વારા ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસી આગેવાનો દ્વારા દલીતો ઉપર થતા અત્યાચારો સામે સરકાર વિરૂદ્ધ રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગીર સોમનાથના ઉના ખાતે દલીત યુવકો સાથે કરાયેલ અમાનવીય કૃત્યના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને તેની ગુંજ છેક સંસદમાં સંભળાઈ હતી. જેને લઈ ગુજરાતનું રાજકારણ ગરમાઈ ઉઠ્યું છે. ઉના પ્રકરણે રાજ્યભરમાં દલીતો દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહ્યો છે. જેમાં કોંગ્રેસ દ્વારા પણ ઉનાના પીડીતોને ન્યાય અપાવવા રેલી વિરોધ પ્રદર્શન અને ધરણાના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

જેમાં ઉના દમનના પીડિતોને ન્યાય આપવા દલિતો ઉપર થતા અત્યાચાર રોકવા અને આરોપીઓને કડક સજા કરવાની માંગ સાથે પાલનપુરના ગુરૂનાનક ચોક ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ, ઉપપ્રમુખ દિનેશભાઈ ગઢવી, પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ડીસા ધારાસભ્ય ગોવાભાઈ રબારી, ધાનેરા ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, દાંતા ધારાસભ્ય કાંતીભાઈ ખરાડી, રાયમલજી સોલંકી, રવીરાજ ગઢવી, ડામરાજી રાજગોર, બાલકૃષ્ણ જીરાલા સહીતના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.



## સુર્યા ફાઉન્ડેશન ધ્વારા વૃક્ષારોપણનું વિવિધ ગામોમાં આયોજન

સુર્યા ફાઉન્ડેશન ધ્વારા આદર્શ ગ્રામ યોજના અને ભારત યુથ ક્લબ અંતર્ગત સુર્યા ફાઉન્ડેશન રજત જયંતી ઉજવણીના ભાગરૂપે દેશભરના ૧૧ રાજ્યોમાં સુર્યા સફાઉન્ડેશન ધ્વારા ૨૫ લાખ વૃક્ષો રોપવાનો સંકલ્પ કર્યો છે. સુર્યા ફાઉન્ડેશન ધ્વારા ગુજરાતના અનેક ગામોમાં ૧ લાખ ૧૬ હજાર વૃક્ષો રોપશે.સુર્યા ફાઉન્ડેશન ગુજરાત ગ્રામ યોજના પ્રાંત પ્રમુખ વિષ્ણુભાઈ દેસાઈએ વિવિધ ગામોમાં પર્યાવરણ સ્વચ્છ રહે અને ગ્રીન ભારતનું સપનુ સાકાર કરવા જઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું.



અરવલ્લી જીલ્લા રમત-ગમત અધિકારી,કચેરી,મોડાસાના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કક્ષાની ફુટબોલની સ્પર્ધાઓ એન.આર.એ.વિદ્યાલય, ભિલોડામાં યોજાઈ હતી. જીલ્લા ફુટબોલ સ્પર્ધા કન્વીનર મુકેશભાઈ સી. ત્રિવેદીએ જણાવ્યું હતું કે વિવિધ વય ગ્રૃપની ફુટબોલ સ્પર્ધાઓમાં ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. અંડર-૧૪ ભાઈઓની ટીમ ફુટબોલની સ્પર્ધામાં જન સેવા સંઘ ઈગ્લીશ મીડીયમ ભિલોડા અને અંડર-૧૯ બહેનોની ટીમ ફુટબોલ સ્પર્ધામાં એન.આર.એ. વિદ્યાલય, ભિલોડાની ટીમ ચેમ્પીયન બની હતી. અંડર-૧૭ બહેનોની ટીમ ફુટબોલ સ્પર્ધામાં સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, ભિલોડા અને ભાઈઓની ટીમ ફુટબોલની સ્પર્ધામાં સૈનિક શાળા ખેરંચાની ટીમ ચેમ્પીયન બની હતી.

## મુનાઈ ગ્રૃપ ગ્રામ પંચાયતમાં રક્તદાન કેમ્પ યોજાશે

ભિલોડા,તા.૩૦

ભિલોડા તાલુકાના મુનાઈ ગામની મુનાઈ ગ્રૃપ ગ્રામ પંચાયતમાં રક્તદાન કેમ્પ ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા ઉદય સેવા સંસ્થાન,ભિલોડા અને સ્વ.મનુભાઈ મુળજીભાઈ પટેલ,પુર્વ આચાર્ય શેઠ શ્રી ડી.પી.શાહ હાઈસ્કુલ,મુનાઈની નવમી પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન મહાદાન સુત્રને સાર્થક કરવા તા.૩/૮/૨૦૧૬ ને બુધવારના રોજ મુનાઈ ગ્રામ પંચાયતમાં રક્તદાન કેમ્પ યોજાશે.

## કલ્યાણપુર ગામની પરણીતા પર ત્રાસ ગુજારતા સાસરીયાઓ સામે પોલીસ ફરીયાદ

ભિલોડા તાલુકાના કલ્યાણપુર ગામની પરણીતાને શારીરીક અને માનસીક ત્રાસ ગુજારતાં સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના મુજબ કલ્યાણપુર ગામના જશોદાબેન હોથા, અરવિંદભાઈ હોથા સાથે પ્રેમ સબંધ બંધાયા બાદ બંન્ને નવદંપતી પોતાની મરજીથી રાજીખુશીથી સામાજીક રીતીરીવાજ મુજબ લગ્ન કર્યા બાદ કલ્યાણપુર ગામમાં રહેતા હતા. અશોકભાઈ હોથા અને નવજીભાઈ હોથાએ પરણીતા જશોદાબેનને વારંવાર મ્હેણાં-ટોણા મારી ઘરની ઘરવખરી, સરસામાન, વાસણોનો ઉપયોગ કરતા હતા ત્યારે કહ્યું કે તુ તારા પીયરમાંથી બાપના ઘરેથી કોઈ ચીજવસ્તુ લાવી નથી તેવા મ્હેણાં-ટોણા મારી છેલ્લા ત્રણ માસથી વારંવાર શારીરીક, માસનીક ત્રાસ ગુજારી હેરાન પરેશાન કરતા હતા. જશોદાબેનને સાસરીયાઓનો ત્રાસ સહન ન થતાં ઘરમાં પડેલી જંતુનાશક ફોરેક દવાની ભુકી મોઢામાં નાખતા તેમની તબીયત લથડતાં સારવાર અર્થે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા હતા.